# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૫/૦૨/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૩૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૬ લીટર દેશી દારૂ, ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૮ બિયર ટીન, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૩૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૨૩૮/૨૦૨૫**

**સરખેજઃ** પ્રદિપભાઇ સુરેશભાઇ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૩૯) (રહે. લક્ષ્મી સ્કાઇસીટી, દાસ્તાન સર્કલની બાજુમાં, નવા નરોડા) એ તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૪ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન મકરબા કોર્પોરેટ રોડ વોડાફોન હાઉસ પાસે ૩૧ ફાઇવ બિલ્ડીંગ ગ્લોબલ ઈમીગ્રેશન સોલ્યુશન નામની ઓફીસ ખાતે આરોપી (૧) જયદિપ પટેલ (૨) પાર્થ પટેલ અને (૩) સમીર પટેલ નાઓએ ભેગા મળી પ્રદિપભાઇ બ્રહ્મભટ્ટ તથા સાહેદોને દુબઇ વર્ક પરમીટના વિઝા અપાવવાનું કહી પ્રદિપભાઇ બ્રહ્મભટ્ટ પાસેથી તથા સાહેદો પાસેથી રૂપિયા ૭,૫૦,૦૦૦/– મેળવી લઈ વિઝીટર વિઝા કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.ચૌહાણ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૨૩૯/૨૦૨૫**

**નરોડાઃ** અજયકુમાર રામજીભાઇ પટેલ (રહે. કેશવપાર્ક કઠવાડા રોડ નવા નરોડા) એ તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૫ કલાક ૪/૩૦ થી તા.૧૪/૦૨/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીની પાયલ કિમત રૂપિયા ૫૦૦૦/–, એલ.ઈ.ડી.ટી.વી. કિમત રૂપિયા ૫૦૦૦/–, સ્પોર્ટ જેકેટ કિમત રૂપિયા ૧૦૦૦/– અને રોકડ રૂપિયા ૯૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૮,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**વટવાઃ** રણજીતભાઈ નવાજી પગી (રહે. વલ્લભ પાર્ક ગેબનશા બસ સ્ટેન્ડ કેનાલ રોડ વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૧૪/૦૨/૨૦૨૫ કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકનના ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઇલ અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ગંધા ચલાવે છે.

**વસ્ત્રાપુર** ભરતકુમાર પ્રહલાદભાઇ પટેલ (ઉ.વ.૭૨) (રહે. મણિપૂષ્પ સોસાયટી વિભાગ-૬ શુકન એપાર્ટમેન્ટ સામે સુરધારા સર્કલ વસ્ત્રાપુર) એ તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૦૨/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બાજુની દિવાલમા લગાવેલ ગાર્ડનવાળી બારીના લોખંડના સળીયા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**<u>લુંટઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૦/૨૦૨૫</u>**

**ઓઢવઃ** જગદીશભાઇ અમીચન્દભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે. સ્વપ્ન સૃષ્ટી વિભાગ-૩ માધવ સ્કુલની બાજુમાં વસ્ત્રાલ) તા.૧૩/૦૨/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ જડેશ્વર વનથી મુરલીધર સોસાયટી વચ્ચે ઇન્સપાયરીંગ એંજીનીયરીંગ પ્રા.લી.નામની કંપનીના ગેટ નંબર-૩ સામેથી ઈલેકટ્રીક સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષોએ જગદીશભાઇ પટેલના સ્કુટર આગળ તેમનું મોટર સાયકલ ચલાવી ઉભું રાખી જગદીશભાઇ પટેલ સાથે ઝપાઝપી કરી છરા વડે હુમલો કરતા જગદીશભાઈ પટેલે છરો પકડી લેતા હાથમાં ઈજાઓ થઈ હતી, દરમ્યાન જગદીશભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- તોડી લીધી હતી અને ઈલેકટ્રીક સ્કુટરના આગળના ભાગે ખાનામાંથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જગદીશભાઇ પટેલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૧/૨૦૨૫</u>**

**ઘાટલોડીયાઃ** પ્રવિણકુમાર ચૌથમલજી રાજપુરોહીત (ઉ.વ.૩૭) (રહે. તરુણનગર વિભાગ-૨ ગુરુકુળ રોડ મેમનગર) તા.૧૪/૦૨/૨૦૨૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે બેન્કમાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઉપાડી પેન્ટના ખિસામાં મુકી ગુરુકુળ રોડ એક્ઝોટીકા સામે તરુણનગર વિભાગ-૨ એજ્યુકેશન નામની દુકાન આગળ એક્ટીવા પાર્ક કરી ઉભા હતા, દરમ્યાન નંબર વગરના સિલ્વર કલરના સ્કુટર ઉપર આવેલ બે પુરૂષોએ ઈશારો કરી તેમની નજીક બોલાવી પ્રવિણભાઈના એક્ટીવા સામે ઈશારો કરી કહેલ કે આ એક્ટીવા તમારૂં છે, તેમ કહેતા પ્રવિણભાઈએ હા પાડેલ, ત્યારબાદ તેઓએ જણાવેલ કે આ એક્ટીવાથી મારા ભાઈનું એક્સીડન્ટ થયેલ છે અને મારા ભાઈએ કોઈએ માર માર્યો છે, કેવી રીતે માર માર્યો તે બતાવવાનો ડોળ કરી પ્રવિણભાઈના પગના સાથળનો ભાગ પકડી પગ હલાવી પ્રવિણભાઈની નજર ચુકવી પ્રવિણભાઈના પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રવિણભાઈ રાજપુરોહીત એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**<u>ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૨/૨૦૨૫</u>**

**રાણીપઃ** અશોકભાઈ ધોભણભાઈ (ઉ.વ.૪૦) (રહે. રબારીવાસ જાંબુચોકની બાજુમાં કાળીગામ સાબરમતી) તા.૧૪/૦૨/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રાણીપ રેલવે ટ્રેક ઉપર પોલ નં-૫૦૩/૮ થી પોલ નં-૫૦૩/૧૦ વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતાં સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જીગ્નેશકુમાર ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** આશીષ સ/ઓ રમણભાઇ મુનીયા (ઉ.વ.૨૫) (રહે. કાચા છાપરાં જનતાનગર ફાટક પાસે ચાણકયપુરી) તા.૧૩/૦૨/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે રાણીપ જનતાનગર રેલવે ફાટક પોલ નંબર ૫૦૭/૪૦ થી ૫૦૮/૦૨ ના રેલવે ટ્રેક વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજયસિંહ ઈશ્વરસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૪૩/૨૦૨૫**

**સરખેજઃ** વિનોદભાઇ વિઠ્ઠલભાઇ નવીનભાઇ (ઉ.વ.૪૫) (રહે.પ્લોટ નંબર.૪૪૧/બી–૮, બિનોરી એપાર્ટમન્ટ, સેકટર–૨૩, ગાંધીનગર, (મુળ વતન. ગામ.દોદર તા.સાણંદ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૨/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યા પહેલા સરખેજ આંબલી બોપલ ચાર રસ્તા, સમર્પણ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠિયા રથ ઉપર હોટલ અર્બન વ્યુહ રૂમ નંબર–૨૦૬ ખાતે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.ચૌધરી ચલાવે છે.

**ગોમતીપુરઃ** કૌશીકભાઇ અશ્વિનભાઇ પરમાર (ઉ.વ.૩૭) (રહે. કાલીદાસ માસ્તરની ચાલી નગરી મિલ સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૨/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે નાડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિન્ટેશકુમાર બળંવતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી